
૫૬૮

શ્રી દક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા

# ખળાવાડ

1600078



સંપાદનઃ
ગિજુભાઈ
તારાબેન

સંપાદકો : ગિજુભાઈ અને તારાબેન

# ખળાવાડ અને-

: લેખક :

ગિજુભાઈ

અમદાવાદ ૭
૧૭૫

: પ્રકાશક :

આર. આર. શેઠની કંપની

મુંબઈ-૨ ० અમદાવાદ-૧

શ્રી દક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા

પુસ્તક ૫૯ મું

પ્રકાશક
ભગતભાઈ ભુરાલાલ શેઠ
આર. આર. શેઠની કંપની
પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ–૨
ગાંધીમાર્ગ, અમદાવાદ–૧

© પ્રકાશકનાં

મુદ્રણ સાતમું : ડીસેમ્બર ૧૯૬૫

મૂલ્ય : પચાસ પૈસા

[ ૮૦ પુસ્તકોના સેટના રૂ. ૪૦–૦૦ ]

મુદ્રક
જુગલદાસ ચંપકલાલ મહેતા,
શ્રી પ્રવીણ પ્રિન્ટરી,
સોનગઢ (સૌરાષ્ટ્ર)

# ખળાવાડ અને-

## ઢેંકવો

ઉનાળાની રજામાં ચંપક રમણિકને મળવા ગામડે આવ્યો હતો. વીસાવદર નાનું એવું ગામડું હતું. અહીં એનાં માશી રહેતાં હતાં. માશીનું નામ રમાબેન, માસાનું નામ પૂંજાલાલ ને રમણિક માશીનો દીકરો.

ચંપક ગામડામાં પહેલવહેલો જ આવેલો. નાનપણથી તે શહેરમાં જ રહેલો. ગામડામાં તેને બધું નવું નવું જ લાગે. તેણે મોટર, રેલગાડી ને સાઇકલ જોયેલાં પણ વેલ, રથ કે એકો કોઈ દિવસ જોયેલાં જ નહિ. તેણે નળ અને ફુવારા જોયેલા, હોજ પણ જોયેલાં; પણ

ઢેંકવો=ઢીંકવો

નદીનાળાં ને કૂવા જોયેલાં જ નહિ. માસાને આખો દિવસ કહે: "ચાલો ને, ખાસ કંઈક જોવા જઈએ? ચાલો, કંઈક બતાવો ને?"

પૂંજાલાલ હોંશીલા હતા. અને પહેલેથી ગામડામાં જ રહેતા એટલે ગામડાના એ પૂરા જાણીતા હતા. રોજ સાંજે ચંપક અને રમણિકને ફરવા ઉપાડે ને ચંપકને બધું બતાવે.

આજ તેઓ કૂવા અને નદીનાળાં જોવા નીકળ્યા હતા.

ચંપક કહે: "હેં પૂંજામાસા! આ કૂવા-કાંઠે લાંબું લાકડું ને તેને એક છેડે દોરડે ડોલ બાંધેલી છે અને બીજે છેડે ઘંટીનું પડ બાંધેલું છે, તે શા માટે છે?"

રમણિક કહે: "એ તો ઢેંકવો છે, ઢેકવો."

ચંપક કહે: "ઢેંકવો એટલે?"

માસા કહે: "એટલે પાણી કાઢવાનું આ તું જુએ છે તે."

માસાએ થાળામાં ઊભા રહી ઢેંકવાને નમાવી કૂવામાંથી પાણી કાઢી બતાવ્યું.

ચંપક કહે: "અરે આ, ડોલ એની મેળાએ શી રીતે ઉપર આવી?"

રમણિક કહે: "જોતો નથી? આ ઘંટીનું પડ આવડું મોટું બાંધ્યું છે, એટલે ડોલ ઉપર આવે જ ના!"

માસાએ બીજી વાર ડોલ કાઢી. ચંપક તે સામે જ જોઈ રહ્યો. એને થયું: "આ તો નવાઈ જેવું? ઘંટીનું પડ આ બાજુ લટકાવ્યું એટલે ડોલ પોતાની મેળે ઉપર ચડી જાય? ઢેંકવો છે તો અજબ જેવો. આવું તો આજે પહેલું જ જોયું."

રમણિક કહે: "તે તારા મુંબઈમાં ઢેંકવો પણ નથી? ત્યારે કૂવામાંથી પાણી સીંચીને કાઢતા હશો?"

ચંપક કહે: "અરે, મુંબઈમાં તો ચકલી હોય, ચકલી!"

રમણિક કહે: "ચકલી? ચકલી પેલી ઊડે તે? એમાંથી પાણી કાઢે?"

માસા કહે: "ગાંડાભાઈ! ચકલી નળને

કહે. આપણે એક વાર ધોળા સ્ટેશને ગયા હતા ત્યાં નળ નહોતો જોયો? શહેરમાં નળ ને ગામડામાં ઢેંકવા."

ચંપક કહે: "નળ જેવું તો નહિ; પણ આ ઢેંકવો છે તે મજેનો."

માસા કહે: "ગામડાના નાના કૂવા માટે તો ઢેંકવો જ સારો; ને વળી સસ્તો."

ચંપક કહે: "સસ્તો કેમ?"

માસા કહે: "ઊંડા કૂવા હોય તો બે બળદનો કોસ જોડવો પડે. એટલે તો બળદ; કોસ હાંકનાર, વગેરે બધું જોઈએ."

રમણિક કહે: "ને આમાં એક માણસ ઊભો ઊભો ઢેંકવો ખેંચ્યા કરે એટલે બાલદી બાલદી પાણી આવ્યા કરે."

ચંપક કહે: "વાત બરાબર છે. પણ કોસ વળી કેવો હશે? એ તો તમે મને હજી બતાવ્યો જ નથી!"

માસા કહે: "કાલે કોશિયા કૂવે જઈશું એટલે બરાબર ખ્યાલ આવશે."

રમણિક કહે: 'બાપુ! કાલે પેલા સાત કોશિયા કૂવે જ લઈ જજો."

પછી રમણિકે બેચાર બાલદી પાણી ખેંચી કાઢ્યું ને ચંપકને કહ્યું : " તું કાઢ જોઈએ?" પહેલાં ચંપકને પાણી કાઢતાં ન આવડ્યું. લાકડું નમાવવા જાય પણ એ નમે જ નહિ. માસાએ ઉપરથી નમાવ્યું ત્યારે ડોલ નીચે આવી. પછી ડોલ બુડાડતાં યે ન આવડે. રમણિકે ડોલ બુડાડી દીધી; અને પછી ડોલ ઊંચી કરી કે બહાર આવી ગઈ.

ચંપકે પાણી કાઢ્યું ને બધાંએ પાણી પીધું. પાણી મીઠું સાકર જેવું હતું.

ઢેંકવો દેવા કોળીનો હતો. તેણે શિયાળુ રીંગણાંની વાડી કરી હતી. પાસે જ વાડી હતી. ધોરિયા વાટે થાળામાંથી પાણી ક્યારામાં જતું હતું. ક્યારામાં રીંગણી ઉપર જાંબલી રૂપાળાં ફૂલો ખીલ્યાં હતાં અને કાળાંબોજ રીંગણાં લટકતાં હતાં.

પૂંજાલાલે પૈસાનાં શેર રીંગણાં લીધાં.

રીંગણીના છોડ ઉપરથી તરત જ ઉતારેલાં, કૂણાં કૂણાં ઘેબર જેવાં ને ચળક ચળક ચળકતાં.

પછી સૌ ઘેર આવ્યા. રીંગણાંમાં એક રીંગણું તો ખાસ ઓળા માટે જ લીધું હતું. રમામાશીએ એનો ઓળો કર્યો ને ચંપકને ખાસ ખવરાવ્યો.

ચંપક કહે: "માશીબા! આ રીંગણાંનો ઓળો તો બહુ મીઠો થાય છે; સરસ, મીઠાઈ જેવો."

માશી કહે: "ભાઈ! ગામડામાં તો અમારે બધું એવું એવું."

ચંપક કહે: "માશીબા! કાલે અમારે સાત કોશિયો જોવા જવું છે."

માશી કહે: "હા, બાપુ! જોવા જેવો તો છે જ. કાલે જઈ આવજો."

## સાત કોશિયો

બીજે દિવસે ચંપક અને રમણિક પૂંજાલાલ સાથે સાત કોશિયો જોવા ગયા. એક કૂવા ઉપર એક સાથે સાત કોસ ચાલતા હતા. સાત દૂ ચૌદ બળદો જૂતેલા હતા. દરેક બળદની જોડીને એક એક જણ હાંકતો હતો.

ચંપકને તો આ જોઈને ખૂબ નવાઈ લાગી. જિંદગીમાં આ પહેલવહેલું જ જોયેલું.

બળદો પાછે પગે ચાલી કૂવા ભણી જતા હતા અને કોસ કૂવામાં ઉતારતા હતા. ચંપક તો જોઈ જ રહ્યો હતો કે શું થાય છે!

રમણિક ચંપકને કહેતો હતો: " આ લાંબું દોરડું તે રાશ, ને આ બળદના ગળે બાંધ્યાં છે તે જોતર." પણ ચંપકનું ધ્યાન તો કૂવામાં ગયેલ કોસ તરફ હતું.

એટલામાં તો કિચૂડકિચૂડ ગરેડીનું પૈડું ફર્યું, બળદ ચાલ્યા ને કોસ ઉપર આવવા લાગ્યો. હાંકનારો તો દોરડા પર જ બેસી ગયો હતો.

ચંપક કહે : " રમણિક ! જો જો, પેલો હાંકનારો દોરડા પર કેવો હીંચકો ખાય છે ! બહુ ગમ્મત આવે એવું છે, નહિ ? "

રમણિક કહે : " પણ ચંપક ! એમ દોરડા પર બેસવું સહેલું નથી. ન આવડે તો પડી જઈએ ને બળદ પાછા ફરે તો એના પગ નીચે જ આવી જઈએ ! "

બળદ હાંકનારે પાછા જતાં કહ્યું : " એ ભાઈ, બાપુ ! ઈ તમારાં કામ નહિ. કોસ હાંકવો એ કાંઈ રમત વાત નથી. તમે રહ્યા શહેરના માણસ."

માસા ત્યાંથી ચંપક અને રમણિકને કૂવા પર લઈ ગયા. કૂવો મોટો જંગી હતો ને પાણી અખૂટ ભર્યું હતું.

માસાએ કહ્યું : " જો ચંપક ! આ કૂવો

પાતાળિયો કહેવાય છે."

ચંપક કહે : "એટલે ?"

મામા કહે : "એટલે કે એમાં પાણીની આવ જબ્બર છે. સાત કોસ રાત ને દિવસ પાણી ખેંચ્યા કરે તોપણ પાણી ખૂટે જ નહિ. આવ એટલે પાણીની આવક."

ચંપક કહે : "એવડી મોટી આવ ક્યાંથી આવતી હશે ?"

મામા કહે "જમીનના તળમાંથી આવે. જમીનના તળિયામાં પાણી રહે છે તે કૂવા ખોદીએ ત્યારે એમાં આવે છે. કોઈ કોઈ ઠેકાણે તો અખૂટ પાણી આવે છે."

ચંપક કહે : "જમીનમાં એટલું બધું પાણી ક્યાંથી આવતું હશે ?"

રમણિક કહે : "એ તો વરસાદ વરસીને ભોંયમાં પાણી નથી જતું ? એનું એ પાણી."

ચંપક કહે : "સમજ્યો, હા હા ભૂગોળમાં આવ્યું છે."

ચંપક તો શહેરમાંથી આવેલું પ્રાણી.

એને કેટલી યે બાબતો છેક નવી લાગે; ને રમણિક તો નાનપણથી ગામડામાં જ ઊછરેલો. એટલે એ તો પટપટ ચંપકને સમજાવે. સમજાવતો જાય, ને જરાક ગમ્મત પણ ઉડાવતો જાય.

ચંપક કહે : "હેં રમણિક ! આ આવું લાંબું ને જાડું ખડ બળદ કેમ કરીને ખાતા હશે ? એમને ગળે કેમ ઊતરતું હશે ? "

રમણિક કહે : "એ ખડ ન કહેવાય, ભાઈ ! એ તો કડબ કહેવાય. એ જુવારના દાંડા છે; ને ઢોરને તો એ બહુ ભાવે. તાજી પાતળી કડબ હોય તો ઢોરને મન એ મીઠાઈ કહેવાય."

માસા કહે : "ચંપકને એક વાર ખળાવાડે લઈ જઈશું. ત્યાં એને જુવાર અને બાજરાના ઓઘા ને બધું બતાવશું. ચંપકને આ વખતે ગામડું એવું બતાવવું કે બસ. ગામડાની એકેએક વાત બતાવવી."

રમણિક કહે : "ત્યારે છાણું ને ગમાણું ને એવું એવું પણ મારે ચંપકને બતાવવું, ને

ઓઘો=કડબ અથવા ખડની ઊભા પૂળા ગોઠવીને ખડકી રાખેલી નાની થપ્પી.

સમજાવવું ને ?"

માસા કહે : હા, એ પણ."

બાજુમાં જ છાજું હતું. રમણિકે તે બતાવી ચંપકને કહ્યું : "જો આ ભીંત પર રાડાં ને ઉપર ધૂળ પાથરેલી છે. તેનું નામ છાજું."

ચંપક કહે : "એમ શા માટે ? ભીંત પર એનું શું કામ ?"

માસા કહે : "છાજું એટલે છત-છત્રી. ભીંતને માથે છત્રી જોઈએ ના ? એથી ચોમાસામાં વરસાદ પડે ત્યારે ભીંત પલળે નહિ."

રમણિક કહે : "આ ધૂળ ને રાડાં ઉપરથી પાણી નીચે દડી જાય. સમજ્યો ?"

ચંપક કહે : "ગામડાના માણસોએ ઠીક શોધી કાઢ્યું !"

ત્યાંથી તેઓ ઘર તરફ પાછા ફરતા હતા. તેઓ બળદની ગમાણ પાસે થઈને નીકળ્યા.

માસા કહે : "જો, આ ગમાણ. આમાં બળદ, ગાય, ભેંશ : બધાં ઢોરને નીરણ નાખે. જો, અહીં ઢોરને ખીલે બંધાય. ઢોર બાંધ્યાં બાંધ્યાં આમાંથી નીરણ ખાધા કરે."

ચંપક કહે: "આકાર તો લંબચોરસ હોજ જેવો છે. દીવાસળીના બાકસ જેવો પણ કહેવાય ખરો."

રમણિક કહે: "બરાબર, એમ જ છે: બધી ગમાણ આવા જ આકારની હોય."

પછી રમણિક, ચંપક અને માસા વાતો કરતા કરતા ઘેર આવ્યા અને વાળુ કરીને નિરાંતે સૂતા.

## ખળાવાડ

રાતે વાત થઈ કે કાલે તો ચંપકને ખળાવાડ બતાવવી એમ ઠરાવ્યું છે.

રમણિકની બાએ કહ્યું: "જો ખળાવાડ જાઓ તો નાનું ને રસીલાને સાથે લેતા જજો; ત્યાં એમને ઓળા ખવરાવજો."

ચંપક કહે: "ઓળો તો આપણે અહીં ખાઈએ છીએ ને? ખળાવાડે શું કામ?"

સૌ હસી પડ્યાં.

પૂંજાલાલ કહે: "ચંપક! ઓળા એ ઓળોનું બહુવચન નથી. ઓળો તો રીંગણાંનો થાય ને ઓળા ચણાના હોય."

ચંપક કહે: "એ વળી કેવા હોય!"

માસા કહે: "ત્યાં ખળાવાડે બતાવીશ."

---

ખળાવાડ=માખળ; ખળું.

પેલી બાજુ નાનુ અને રસીલા એક-બીજાં વાતો કરતાં હતાં: "એઈ, કાલ તો ખૂબખૂબ ઓળા ખાશું!"

ખળાવાડ જરા દૂર હતી, ને સાથે નાનુ ને રસીલા હતાં એટલે પૂંજાલાલે ગાડું મગાવ્યું હતું. બધાં ગાડામાં બેઠાં. ધડધડ કરતું ગાડું ચાલ્યું ને બધાં ઊંચાંનીચાં ભટકાવા લાગ્યાં.

ચંપક હતો તો રમૂજી. તે કહે: "એલા આ ફર્સ્ટ ક્લાસના ડબ્બામાં તો કેડ ભાંગે છે! ડબ્બો કઈ રેલ્વેનો છે?"

રમણિક કહે: "એ તો ગામડાગાડી છે, ગામડાગાડી!"

પૂંજાલાલ કહે: "એ તો દેશી ગાડી ખરી ના, ચંપક!"

ગાડાવાળો કહે: "ભાઈ! ઈ તો અમારું ગામડાનું ગાડું તો એવું જ હોય ના? ત્યાં કાંઈ મુંબઈની મોટરું થોડી છે?"

ગાડું ઊભું રહ્યું ને સૌ હેઠાં ઊતર્યાં. છાપરીમાં ટોયો બેઠો હતો તેણે ઝાંપો ઉઘાડ્યો ને સૌ ખળાવાડમાં ગયાં.

રમણિક: "ચંપક! આ ખળાવાડ જો."

ચંપક કહે: "ક્યાં છે? હું તો ક્યાંઈ દેખતો નથી. અહીં તો કશાકના મોટા મોટા ઢગલા છે."

પૂંજાલાલે જરા હસીને કહ્યું: "એ જ ખળાવાડ. સીમમાં દાણા પાકે ને પહેલાં અહીં લાવે. આ ઢગલા જાતજાતના દાણાના છે."

રમણિક કહે: "ચાલ તને જુવાર અને બાજરીનાં ડૂંડાં બતાવું."

ટોયાએ ખાટલો નાખી દીધો એટલે પૂંજાલાલ બેઠા. પાસે નાનું અને રસીલા પણ બેઠાં. પૂંજાલાલે ટોયાની ઓરડીમાંથી જારનાં તથા બાજરાનાં મોટાં મોટાં ડૂંડાં રાખી મૂકેલાં તે બહાર કઢાવ્યાં.

ચંપક કહે: "ઓહો! જારનું ડૂંડું આવું હોય? આ તો જાણે નાનાં નાનાં મોતીનો ઝૂમખો!"

રમણિકે એને બાજરાનાં ડૂંડાં પણ

ટોયો=સીમનો ચોકીદાર.

બતાવ્યાં.

ચંપક કહે : "ડૂંડાંમાં દાણા કેવા ભરેલા છે! ખરેખર રમણિક! જુવાર અને બાજરીનાં ડૂંડાં બધી નિશાળોમાં રાખવા જોઈએ. ખબર તો પડે કે તે કેવાં હોય છે? શહેરમાં તો ઘેર ડબ્બામાં જાર ને બાજરી જોવા મળે. મારે બેચાર ડૂંડાં મુંબઈ લઈ જવાં છે."

રમણિકે કહ્યું : "નવાં ડૂંડાં તો હવે આવતી દિવાળીએ મળી શકશે. આ તો અહીં રાખી મૂકેલાં તને બતાવ્યાં છે."

વાતો કરતા કરતા તેઓ ત્યાંથી તલના ઢગલા પાસે ગયા.

ચંપક કહે : "હેં! આ તલનો ઢગલો? આટલા બધા તલ? આટલા બધા થયા શી રીતે?"

રમણિક કહે : "જો પેલો ઢગલો પડ્યો છે તે તલસરાંનો છે. એમાંથી ખંખેરી ખંખેરીને તલ કાઢી લીધા છે." રમણિક એક તલસરું લઈ આવ્યો ને તેમાંથી થોડાક તલ બાકી હતા તે ખંખેરી બતાવ્યા.

ચંપક તો નવાઈ જ પામી રહ્યો હતો. તે કહે: "તલ આવા ઝાડે થાય છે, હેં?"

રમણિક કહે : "ઝાડ નહિ, ગાંડા! છોડ ઉપર. એને તલસરું કહે."

જરા દૂર નજર કરી ચંપક કહે : "અરે રમણિક! પણે બળદો ગોળગોળ ફરે છે તે શું કંઈ ખેડે છે?"

રમણિક કહે : "હા, ખેડે છે! અહીં ખળાવાડમાં તો ખેડ હોય? ખેડ તો સીમમાં હોય. આ તો જુવારનાં ફરસડાં—ડૂંડાંને મસળે છે."

વાતો કરતા કરતા તેઓ ત્યાં જ આવી પહોંચ્યા.

"ઓહો! આ તો બળદ ડૂંડાં ઉપર ચાલે છે! પણ એમ જુવારના દાણા ભાંગી નહિ જાય!" ચંપકે પૂછ્યું.

ખેડૂત કહે : "એ ના, બાપુ! એમ દાણા ન ભાંગે. બધો ય દાણો આખો ને આખો નીકળશે. અમારે અહીં જુવાર—બાજરી એમ કાઢે. તમે ક્યાંના છો? મુંબઈના લાગો છો."

રમણિક કહે : "એ તો ચંપક છે—મારી

માશીનો દીકરો; હું પૂંજાલાલનો દીકરો.”

ખેડૂત કહે : “ ક્યાં છે પૂંજાભાઈ? અહીં આવ્યા છે ? ”

રમણિક કહે : “ એ બેઠા પણે ઝાંપે. ”

ખેડૂત કહે : “ ઠીક ઠીક; ત્યારે ભાઈને બધું બતાવો. પણે આપણો પોપટાનો ઢગલો પડ્યો છે ઈ બતાવો; ને ચણા ખાવા હોય તો ખાજો, ને ઓળા પાડવા હોય તો બાથ ભરીને લેતા જજો, ઈ ઢગલો આપણો છે.”

તેઓ ચણા તરફ જતા હતા. રસ્તામાં ચંપકે પૂછ્યું : “ રમણિક ! આ બધી ધૂળ જારમાં નહિ પેસે ? નીચે પથરા જડ્યા હોય તો ? ”

રમણિક કહે : “ પથરા તો નહિ પણ નીચે ગાર કરીને લીંપેલું હોય છે. લીંપીને સારી જમીન કર્યા પછી જ તેનાં પર જુંવાર ખૂંદાવાય. ને એને ખળી કહેવાય.”

ચંપક કહે : “ ત્યારે ખળાવાડ એ ઉપરથી કહેવાઈ હશે ? ”

રમણિક કહે : “ હા, એમ જ લાગે છે.

આટલાં બધાં ખળાં એટલે ખળાંની વાડી, એટલે ખળાવાડ."

ચંપક કહે: "શબ્દ સરસ છે."

ત્યાં તો પોપટના ઢગલા પાસે તેઓ આવી પહોંચ્યા.

રમણિક કહે: "આ ચણાના પોપટા."

ચંપક કહે: "પેલા ચણા કઠોળ છે, ને છોડ ઉપર થાય છે તે? મેં તો કોઈ દિવસ ભાળેલ નહિ."

રમણિક કહે: "આમાંથી કાઢી કાઢીને લીલા લીલા ચણા ખવાય."

રમણિક અને ચંપક ચણા ખાતા ખાતા જરાક ફરવા લાગ્યા.

ચંપક કહે: "આ કઈ જાતનાં ધાન્ય?"

રમણિક કહે: "આ બાવટીના ડૂંડાં; આ બાવટો. જો, ડૂંડું જરા ચોળીને દાણા કાઢીશ તો મહીંથી દાણા નીકળશે."

ચંપક કહે: "માળા દાણા તો ખસખસ જેવડા ઝીણા ઝીણા છે. આ ચળકતા જરા

મોટા દાણા શાના છે?”

રમણિક કહે: “એ કાંગ છે.”

ચંપક કહે: “મેં તો ઘઉં ને બાજરો ને જાર સાંભળેલાં; આ તો બધાં નવાં નવાં છે.”

રમણિક કહે: “હા; આ બધાં ગામડાનાં ધાન્યો. લોક જાર ખાય, બાજરો ખાય, ને ગરીબ હોય એ તો બંટી ને બાવટો ખાય.”

ચંપક કહે: “આ ધાન્ય ખવાય પણ ખરાં?”

રમણિક કહે “હાસ્તો; ખવાય પણ ખરાં. પણ એનાં ઢુમરો ને ધાન ને એવું એવું થાય.”

ચંપક કહે: “મને આ બધાનાં ડૂંડાં લેવા દે. મુંબઈ જઈને સૌને બતાવીશ.”

ચંપકે અને રમણિકે જુવાર, બાજરી, બંટી વગેરેનાં ડૂંડાં રૂમાલમાં બાંધ્યાં.

મગની સુકાઈ ગયેલી શિંગોનો ઢગલો પડ્યો હતો તે બતાવી રમણિક કહે: “ચંપક! આ મગની શિંગો લે. આના નમૂના પણ થોડા લઈ લે.”

---

લોક=ખેડૂત, મજૂર, વગેરે જાતના માણસો.

ચંપક કહે : " ઓહો! મગ ખાઈએ છીએ તે આવી શિંગોમાંથી નીકળે ? "

રમણિક કહે : " ચાલ ચાલ, તને અડદની શિંગો પણ બતાવું. જો પણે ઢગલા પડ્યા. અમારે ત્યાં સીમમાંથી પહેલાં ખળાવાડમાં બધું આવે, ને દાણા નીકળે પછી ગામમાં જાય. "

ચંપક કહે : " પણ આટલું બધું ગામમાં શું કામમાં આવે ? આ તો ઢગલેઢગલા છે!"

રમણિક કહે : " એ તો પછી ભાવનગર ને અમદાવાદ ને મુંબઈ ને એમ બહાર જાય ના ! "

ચંપક કહે : " એમ ? આ જે મુંબઈમાં અમે ખાઈએ છીએ તે સીધું ગામડામાંથી જ આવતું હશે ? હા; સાચું હો ! મુંબઈમાં ને અમદાવાદમાં ક્યાં ખેતરો ને ખળાવાડો છે? ત્યાં તો રાણીનો બાગ ને ચોપાટી ને એવું એવું છે. "

રમણિક કહે : " ચાલો હવે પાછા વળીએ. મને લાગે છે કે બાપુ ઓળા પડાવે છે. જો ધુમાડો નીકળે. "

ત્યાં તો સાદ આવ્યો : " એ ચાલો ચાલો,

ઊના ઊના ઓળા પાડ્યા છે તે ખાવા."

રમણિક ને ચંપક ત્યાં ગયા. ખડ હડહડ બળતું હતું ને ટોયાએ તેની ઉપર પોપટાની ઝૂડી ધરી રાખી હતી, તેમાંથી તડતડ ઓળા નીચે પડતા હતા.

રમણિક ને ચંપક ને નાનુ ને રસીલા મંડ્યાં ઓળા ખાવા, ચંપકને ય ખાતાં આવડતાં વાર ન લાગી. એક પોપટો લેવો ને ફોલવો; ચણાનો દાણો કાઢવો ને ટપ દઈને મોમાં નાખવો. હાથ ને મોં જરા જરા હનુમાન જેવાં થાય ખરાં!

ચંપક કહે : "આ તો સુંદર લાગે છે!"

રમણિક કહે : "આ અમારી ગામડાની મીઠાઈ. હજી તો શિયાળો ઊતરશે ત્યારે ઘઉંનો પોંક આવશે. પોંક એટલે સમજ્યો?"

ચંપક કહે : "પોંક? ક્યાંક વાંચ્યું હતું તો ખરું. વખતે ચોપડીમાં આવ્યું હોય તો!"

રમણિક કહે : "પોંક એટલે ઘઉંમાં ઓળો, બાપુ! બરાબર કહું છું ના?"

પૂંજાલાલ કહે: "હા. પણ ખરી વાત તો એમ કે પોંક એટલે શું તે તો પોંક ખાવાથી જ ખબર પડે."

ઓળા ખાતાં ખાતાં સાંજ પડવા આવી.

પૂંજાલાલે ગાડું જોડાવ્યું ને સૌ ઓળા ખાઈ ઘેર આવ્યાં.

માશી કહે: "કાં, ભાઈ! ખળાવાડ કેવી?"

ચંપક કહે: "મેં તો કોઈ દિવસ જોયેલી જ નહિ. પણ એ જોવાની ને ઓળા ખાવાની ભારે મજા પડી."

ચંપક અને રમણિક ખળાવાડની ને થોરની વાડની ને બંટીબાવટાની વાતો કરતા સૂઈ ગયા.

## લોકનાં ઘર

રમણિક કહે : "બાપુ! હવે ચંપકને સીમમાં લઈ જઈએ. ખેતરોમાં બધું કેમ ઊગે છે તે બતાવીએ."

રમાબેને કહ્યું : "ચંપક ! ગામડું કેવું હોય એની ખબર પડતી જાય છે કે ?"

પૂજાલાલ કહે : "એક ગામડું આટલા જ દિવસમાં ન જોવાય. મહિનોમાસ ચંપક રહે તો જ પૂરું જોવાય. હજી તો કંઈ જ નથી જોયું. ગામડાનાં લોકનાં ઘર, ને એનાં ઠામ ને એના કોઠલા ને કોઠીઓ ને ભરત, ને એવું એવું ઘણું ય બાકી છે."

રમણિક કહે : "એમ જોવા જઈએ તો તો બાપુ કેટલું યે રહી જશે. એ બધું તો ઠીક; પણ બાપુ ! ગામડાનાં ભજનો ને રાસડા ને

---

લોકનાં ઘર=ખેડૂત, મજૂર, વગેરે જાતના માણસોનાં ઘર.

દુહાસોરઠા સાંભળ્યા વિના ચંપકને મુંબઈ ન જ જવા દઈએ.”

ચંપક કહે: “પણ હવે અઠવાડિયું રહ્યું છે. દેખાડવું હોય તે દેખાડો. બધું જોવાની બાકી પડે છે તો મજા!”

રમાબેન કહે: “ભેગાભેગો ઢેડવાડો પણ બતાવજો.”

સૌ જમીકારવીને ઊઠ્યાં. બધાંએ નક્કી કર્યું કે “ચાલો ત્યારે આજે તો લોકનાં ઘર જોઈએ ને કાલે સીમમાં જઈશું. સીમ જોવા માટે તો આખો દિવસ જોઈશે.”

ચંપક, રમણિક અને પૂંજાલાલ કણબીનું ઘર જોવા ગયા. આજે અણોજો હતો એટલે બધું કામકાજ બંધ હતું. ઢાંઢા, ગાંડા, ખેડૂત ને સાથીઓ ઘેર સૌ ઘેર હતાં. આ ઘર પટેલનું હતું. પટેલનું ઘર એટલે સૌથી પહોંચતું ઘર.

પટેલે તો “આવો આવો” કહીને સૂતરનો ખાટલો ને તે ઉપર ચોરસાનું ગોદડું પાથરી સૌને બેસાર્યા.

---

અણોજો=આરામનો દિવસ. પહોંચતું=પૈસેટકે સુખી.

પૂંજાલાલ કહે: "પટેલ! આ અમારો ચંપક મુંબઈથી આવ્યો છે. એને આપણાં દેશી ભરત ને તમારું કણબીનું ઘર બતાવવાં છે."

પટેલ કહે: "એ....ઘરમાંથી લાવજો તમારાં ભરેલાં બધાં ભરત છે ઈ; ઓલ્યા મોટા પટારામાં રાખ્યા છો ઈ."

પટેલની ઓશરીમાં પાણિયારું હતું; પાણિયારું લાકડાનું હતું ને તે પર કોતરકામ હતું. ચંપક કહે: "ઓહો, આ તો પાણિયારું પણ કોતરેલું છે!"

પૂંજાલાલ કહે: "આગળના વખતમાં લાકડાનું પાણિયારું કોતરેલું થતું; હવે તો કોઈ કોતરતું નથી કે કારવતું નથી. બે લાકડાં રોંક્યાં ન રોંક્યાં ને આ કરે છે ઊભું!"

રમણિક કહે: "બાપુ! આવાં ભરત તો મેં પણ નહોતાં જોયાં!"

ચંપક કહે: "આ શું? આ કાચના ચાંદલા ચાંદલા જડેલું?"

પટેલ કહે: "ઈ છે તો ઘાઘરો. અમારે લોકમાં ઘાઘરામાં એવું ભરે."

ચંપક કહે: "બહુ સુંદર દેખાય છે. વચ્ચે વચ્ચે મોર ને પોપટ ભર્યા છે. આ બધું હાથે કર્યું છે?"

પટેલ કહે: "તો અમારે લોકને તો હાથે જ હોય ના? ઉનાળામાં છોકરાં બપોર વચ્ચે નવરાં પડે તો આવું કરે. આ બધું તો વહુએ આણામાં આણ્યું છે. આણામાં અમારે આવું આપવાનું હોય. ને અમારે એવો રિવાજ કે વહુ પોતે જ બધું ભરે ને પોતાના આણામાં લેતાં આવે."

પૂંજાલાલ કહે: "એટલે સૌ બૈરાંને ભરતાં આવડે."

પટેલ કહે: "ઈ તો એમ જ હોય ના! અમારે લોકમાં એવો રિવાજ."

ચંપક કહે: "માસા! આ બળદને ઓઢાડવાનું સુંદર ભર્યું છે!"

રમણિક કહે: "એ એનું નામ ઝૂલ ને આનું નામ મથરાવટી, ને આ કહેવાય શિંગડીઓ. આ બળદને માથે બાંધવાની ને આ બળદને શિંગડે ચડાવવાની."

પૂંજાલાલ કહે : "પટેલ! બળદને માટે સારું સારું કરો છો, હો!"

પટેલ કહે : "તે બળદ તો અમારું ધન કહેવાય; ને એના ઉપર અમારું જીવતર."

રમણિક કહે: "ચંપક! જોયા આ ચાકળા ને આ ચંદરવા? આને ભીંતે ટીંગાડાય. ગામડાના લોકો ઘરની શોભા કેમ કરે છે તે ખબર પડી?"

ચંપક કહે : "માળું આ વાતની તો ખબર જ ન હતી. આપણે તો જાપાની પડદા જોયા છે. બાકી આ ગામડાવાળા...."

પૂંજાલાલ કહે : "એ હવે અંદર આવો, અંદર. આ જુઓ કોઠી; કોઠી માટીની છે. આ કોઠલો; આ કોઠલો પણ માટીનો છે. કોઠીમાં દાણા ભરાય ને કોઠલામાં ઘી, દૂધ, દહીં, પૈસા, બધું મુકાય. જરા અંદર હાથ ફેરવી જુઓ; કેવું છે?"

ચંપક કહે : "અરે, આમાં તો માળ છે! ને મહીં તો ખીંતીઓ ને સ્ટૅન્ડ છે!"

---

ધન=નાણું.

રમણિક કહે : “ એલા સ્ટૅન્ડ એટલે ? ”

ચંપક કહે : “ કંઈક મૂકવા માટે આમ કરેલું હોય, તે.”

પટેલ કહે : “ જુઓ આ અભરાઈ. ”

પટેલે કોઠલાની અભરાઈ બતાવી.

ચંપક કહે : “ ઓહો ! આ તો માટીનો કબાટ કહો તો કબાટ છે; ને ભારે સગવડ-વાળો છે. ”

પટેલ કહે : “ આ તો અમારે ગામડાનું. તમારે શે'ર જેવાં કાચનાં કબાટ ને પેટીઓ ને એવું અમારે ક્યાંથી હોય ? ”

પૂંજાલાલ કહે : “ પટેલ ! આ શું છે ? ”

પટેલ કહે : “ ઈ થેપડો. ”

રમણિક કહે : “ થેપડો વળી શું ? ”

ચંપક કહે : “ જોઈએ ? આ તો હળવો હળવો છે. ”

પટેલ કહે : “ ઈ કાગળિયાનો થાય. કાગળિયા નકામા નાખી દઈએ તે કરતાં એને પલાળીને ખાંડીને પછી એનું ઠામ બનાવાય.”

પૂંજાલાલ કહે : “ પટેલ ! આ તો મેં પણ

નહોતું જોયું !"

ફળીમાં ગાય ને ભેંશ હતી; બે જોડ બળદ ગમાણે બાંધ્યા હતા.

ચંપક કહે : "જો રમણિક ! પેલી ગમાણ, તે દિવસે તેં મને બતાવી હતી તે."

પૂંજાલાલ કહે : "જુઓ, આ પટેલના બળદ જોયા ? કેવા સુંદર મજાના છે ! ને આ ભેંશ ને ગાય કેવી મજબૂત છે ? પટેલ ! ઢોરને બહુ સાચવો છો. હો !"

પટેલ કહે : "તે જીવતર એના ઉપર છે. આ ખાઈએ પીએ છીએ તે કોના ઉપર ?"

પૂંજાલાલ કહે : "ચાલો; ચંપક, રમણિક ! હવે આપણે જઈશું કે ?"

પટેલ કહે : "એમ તે થાય ? ચા પીને જવાય. એલા જીવલા ! હોટલમાંથી ચાર કપ ચા લાવ જોઈએ ?"

ચંપક પટેલ સામે જ જોઈ રહ્યો. "પટેલ તે શું બોલે છે ?"

પૂંજાલાલ કહે : "પટેલ ! રહેવા દ્યો; ચા અમારે નથી પીવી."

પટેલ કહે : " પણ કોરા જવાય જ નહિ. એમ નહિ તો ઘેર ચોખ્ખામી મૂકી દઈએ. "

ચંપક રમણિકને કહે : " એલા, આ તો મુંબઈની મેમાનગતી. "

પટેલ સાંભળી ગયા. એટલે કહે : " અરે ભાઈ! હવે તો ચા ઘેરઘેર થઈ ગઈ! અસ-લમાં તો અમારે તમને લાપશી ખવરાવી પડે; નહિતર ભેંશનાં તાજાં દૂધ પિવડાવવાં જોઈએ. પણ તમને શહેરના માણસને કાંઈ દૂધ ભાવે ? ને ચા તો આખો મલક પિયે છે. ને અમારે હવે તો એકના વગરની બે હોટલું થઈ છે. "

અમે ઊઠતા હતા ત્યાં તો પટેલે જાડી રેડ જેવી છાશ ઘરમાંથી મગાવી ને અમને આગ્રહ કરીને પાઈ.

પટેલ ડેલા સુધી વળાવવા આવ્યાં ને સૌ વાતો કરતા કરતા ઘેર આવ્યા.

પૂંજાલાલે વાળુ કરતાં કહ્યું : " જોયું, ચા ક્યાં સુધી પહોંચી છે ? જ્યાં ભેંશોના દૂધનાં બોઘડાં મુકાય ત્યાં યે ચાની મે'માની ! "

રમાબેન કહે : " હવે ગામડું ભૂખભેગું

થવા બેઠું છે. ચાની હોટલો આવી છે; કહે છે હવે મોટરું થવાની છે. પછી વીજળી ન આવે તો કોણ જાણે! ઈ ધંધા બધા લૂંટી લેવાના!”

પૂંજાલાલ કહે: “તે ગામડું ભૂખભેગું થઈ જ ગયું છે. હજી ગામડાની હાલત તો ચંપકે જોઈ નથી.”

રમાબેન કહે: “તે ઈ પણ બતાવો ને! નહિ તો ચંપકને ઊજળું એટલું દૂધ લાગશે!”

પૂંજાલાલે બીજે દિવસે ભાંગીને ભૂકો થઈ ગયેલ કોળીવાડો, ઊભડિયાનાં દૂબળાં ઢોર, ગંદકીથી સડતો ઢેડવાડો તથા જ્યાં ત્યાં પડેલા ઉકરડાઓ ચંપકને બતાવ્યા; પડી ગયેલા કૂવા ને પુરાઈ ગયેલી વાવો પણ બતાવી.

પહેલાં તો ગામડું આવું હતું ને હવે બધું આવું થઈ ગયું, એની વાતો કરતા સૌ ઘેર આવ્યા.

# શ્રી દક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા

૮૦ પુસ્તકો

સંપાદકો : ગિજુભાઈ અને તારાબેન

( વિગતવાર સૂચિપત્ર મગાવો )

*

૧ ગણપતિ બાપા
૨ ચેલૈયો
૩ ઊભું હતું, ઊભું હતું
૪ હજામડી
૫ કબાટ
૬ બાળકોનો બીરબલ-૧
૭ ગોપીચંદ
૮ બાળનાટકો -૧
૯ હંસ અને હંસા
૧૦ તીરંદાજ
૧૧ ગામડામાં મળજો
૧૨ બાળપ્રવાસો
૧૩ મારા ગોઠિયા
૧૪ જરા હસો
૧૫ ક્યાંથી આવ્યાં
૧૬ મકનો ને રાક્ષસ
૧૭ રૂપસિંહ ને રામસિંહ
૧૮ ટપાલની પેટી
૧૯ ગધેડું
૨૦ ચીડિયાખાનું
૨૧ મહાસભાઓ
૨૨ કહેવતોનાં મૂળ
૨૩ ગપગોળા
૨૪ આફ્રિકા સાંભર્યું
૨૫ શબ્દપોથી
૨૬ વાક્યપોથી
૨૭ ચિઠ્ઠીપોથી
૨૮ નાના પાઠો
૨૯ મોટા પાઠો
૩૦ નાની વાતો
૩૧ ઘરમાં
૩૨ આંગણામાં
૩૩ શેરીમાં
૩૪ બાળશાળામાં
૩૫ ગામમાં
૩૬ ફરવા જઈએ

**શ્રી દક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા : એકંદર ૮૦ પુસ્તકો**

૩૭ જુગતરામના પાઠો
૩૮ ભોં ભોં ભોં
૩૯ ગધેડું ને ઘોડું
૪૦ દાદા દર્શને
૪૧ બાળનાટકો–૨
૪૨ સવારથી માંડીને
૪૩ કુદરતમાં
૪૪ મોતિયો
૪૫ રામજીભાઈ પડી ગયા!
૪૬ મંગેશનો પોપટ
૪૭ ધોબીડો ધુએ છે
૪૮ પીરૂ અને—
૪૯ છાણાં થાપી આવ્યાં
૫૦ મામાની જાળ્ય
૫૧ વાડામાં
૫૨ રોજનીશી
૫૩ બાળકોનો બીરબલ–૨
૫૪ છેટાં રે'જો માબાપ
૫૫ મારી ગાય
૫૬ કમળાબેનના પાઠો
૫૭ ગિરિશિખરો
૫૮ કાળા હાથ, કાળી દાઢી
૫૯ ખળાવાડ
૬૦ પૂછું?
૬૧ ઓતરાદી દીવાલો–૧
૬૨ ઓતરાદી દીવાલો–૨
૬૩ બુદ્ધચરિત્ર
૬૪ ગુજરાત–મહારાષ્ટ્ર
૬૫ જોડકણાં
૬૬ કહેવતસંગ્રહ
૬૭ હરિશ્ચંદ્ર
૬૮ એમ કેમ
૬૯ સાજા રહીએ
૭૦ વ્યાકરણપોથી
૭૧ વરતસંગ્રહ
૭૨ રમતજોડકણાં
૭૩ શિવાજી મહારાજ
૭૪ દુહા અને સોરઠા
૭૫ વિનોદ–ટૂચકા
૭૬ બાળકોના લેખો
૭૭ આપણે પોતે
૭૮ કાવ્યસંગ્રહ
૭૯ છેલ્લો પાઠ
૮૦ સંપાદકોનું કથન

# ઉત્તમ બાલ-કિશોર સાહિત્ય


## સ્વ. ગિજુભાઈ સંપાદિત : દક્ષિણામૂર્તિ બાલસાહિત્ય

બાળવાર્તાઓ ૧ થી ૫ ... ... સેટના ... ૧૦-૨૫
બાળલોકગીત સંગ્રહ ૧-૨ ... ... ,, ... ૨-૦૦
બાલસાહિત્ય માળા (૮૦ પુસ્તકો) ... ,, ... ૪૦-૦૦
બાલસાહિત્ય ગુચ્છ (૨૫ પુસ્તકો) ... ,, ... ૧૪-૦૦
બાલસાહિત્ય વાટિકા-૧ (૩૨ પુસ્તકો) ,, ... ૪૨-૫૦
બાલસાહિત્ય વાટિકા-૨ (૧૬ પુસ્તકો) ,, ... ૨૩-૫૦
કિશોર કથાઓ ૧-૨ ૪-૦૦ | ધર્માત્માઓનાં ચરિત્રો ૨-૫૦
રખડુ ટોળી ... ૪-૫૦ | ભગવાન બુદ્ધ ... (છપાશે)

## શ્રી નાનાભાઈ ભટ્ટ કૃત

મહાભારતનાં પાત્રો (૧૩ પુસ્તકો) ... સેટના ... ૨૦-૫૦
રામાયણનાં પાત્રો (૬ પુસ્તકો) ... ,, ... ૧૨-૦૦
હિંદુધર્મની આખ્યાયિકાઓ ખંડ ૧-૨ ,, ... ૫-૫૦
શ્રીમદ્ લોકભાગવત ૭-૫૦ | ભાગવતકથાઓ ૩-૫૦

## શ્રી મૂળશંકર મો. ભટ્ટ કૃત

સાગરસમ્રાટ ... ૩-૫૦ | પાતાળપ્રવેશ ... ૨-૫૦
સાહસિકોની સૃષ્ટિ ૬-૦૦ | ખજાનાની શોધમાં ૨-૫૦

## પાંચ વિશિષ્ઠ ગ્રંથાવલિઓ

નગર ગ્રંથાવલિ...લે૦ ધીરજલાલ ગજ્જર ... સેટના ૮-૦૦
જ્ઞાન-વિજ્ઞાન ગ્રંથાવલિ...લે૦ ગિરીશ ગણાત્રા ,, ૭-૫૦
કમલ કિતાબ (સચિત્ર ૧૦ પુસ્તકો) ... ,, ૭-૫૦
ટારઝન ૧ થી ૧૦...લે૦ શંકર શાહ ... ,, ૧૪-૫૦
સાહસકથાઓ (૨૫ પુસ્તકો) ... ... ,, ૭૦-૦૦

**આર. આર. શેઠની કંપની : મુંબઈ-૨ અમદાવાદ-૧**



મુદ્રક શ્રી પ્રબોધ પ્રિન્ટરી, સોનગઢ